**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

====================================================

**ગુજરાત ઉચ્ચ ન્યાયાલય, અમદાવાદ સમક્ષ**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૭/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૮/૨૦૧૫**

**સાથે**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૯/૨૦૧૫**

**સાથે**

**લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૬૩/૨૦૧૫**

**ઈન**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૭૨૪/૨૦૧૪**

**સાથે**

**લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૬૪/૨૦૧૫**

**ઈન**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૪૦૦/૨૦૧૪**

**સાથે લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૮૦/૨૦૧૫**

**ઈન**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૬૦૧૨/૨૦૧૪**

**સાથે**

**લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૮૧/૨૦૧૫**

**ઈન**

**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય મુખ્ય ન્યાયમૂર્તી આર. સુભાષ રેડ્ડી**

અને

**માનનીય ન્યાયમૂર્તી વિપુલ એમ. પંચોલી**

==========================================================

| | | |
|---|---|---|
| ૧ | શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય? | |
| ૨ | રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? | |
| ૩ | શું માનનીય ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? | |
| ૪ | શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? | |

==========================================================

અશિતા નિલેશ પટેલ અને ૧ અન્ય ..... યાચિકાકર્તા(ઓ)

વિરુદ્ધ

નાયબ સચિવ, ગૃહ વિભાગ અને ૯ અન્યો ..... સામાવાળા(ઓ)

==========================================================

**ઉપસ્થિતિ**

**એસ.સી.એ. નં. ૧૮૬૩૭/૨૦૧૫ અને ૧૮૬૩૯/૨૦૧૫,**

**એલ.પી.એ. નં. ૪૬૩/૨૦૧૫, ૪૬૪/૨૦૧૫ અને ૪૮૦/૨૦૧૫:**

અરજદાર(રો) નં. ૧ – ૨ વતી શ્રી કે.એસ. નાણાવટી, સિનિયર એડવોકેટ સાથે શ્રી નંદિશ ચુડગર, રાહિલ પટેલ અને પ્રતીક ભાટિયા, એડવોકેટ ફોર નાણાવટી અસોસિએટ્સ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧–૨ વતી શ્રી પી.કે. જાની, સિનિયર એડવોકેટ સાથે શ્રી અવિનાશ અવધ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧૦ શ્રી કમલ ત્રિવેદી, સિનિયર એડવોકેટ સાથે શ્રી અર્જુન આર. શેઠ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૯ વતી શ્રી મિહિર ઠાકોર, સિનિયર એડવોકેટ સાથે શ્રી ભદ્રીશ એસ. રાજુ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧–૮ તરફે નોટીસની પ્રત્યક્ષ બજવણી

**ઉપસ્થિતિ**

**એસ.સી.એ. નં. ૧૮૬૩૮/૨૦૧૫ અને એલ.પી.એ. નં. ૪૮૧/૨૦૧૫:**

અરજદાર(રો) નં. ૧ – ૨ વતી શ્રી મિહિર જોશી, સિનિયર એડવોકેટ સાથે શ્રી નંદિશ ચુડગર, રાહિલ પટેલ અને પ્રતીક ભાટિયા, એડવોકેટ ફોર નાણાવટી અસોસિએટ્સ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧–૨ વતી શ્રી પી.કે. જાની, સિનિયર એડવોકેટ સાથે શ્રી અવિનાશ અવધ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧૦ શ્રી કમલ ત્રિવેદી, સિનિયર એડવોકેટ સાથે શ્રી અર્જુન આર. શેઠ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૯ વતી શ્રી મિહિર ઠાકોર, સિનિયર એડવોકેટ સાથે શ્રી ભદ્રીશ એસ. રાજુ, એડવોકેટ

સામાવાળા(ઓ) નં. ૧–૮ તરફે નોટીસની પ્રત્યક્ષ બજવણી

==================================================

કોરમ: **માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ આર. સુભાષ રેડ્ડી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તિ વિપુલ આર. પંચોલી**

**તારીખ: ૨૯/૦૩/૨૦૧૭**

**કોમન સી.એ.વી. જજમેન્ટ**

**(માનનીય ન્યાયમૂર્તિ વિપુલ આર. પંચોલી દ્વારા)**

૧. મથાળાવાળી તમામ અરજીઓ એટલે કે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૭/૨૦૧૭ થી ૧૮૬૩૯/૨૦૧૭ સંબંધિત અરજદારો દ્વારા ભારતના

બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલ છે, જેના દ્વારા અરજદારોએ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વતી સામાવાળા નં. ૧ દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૧૨.૦૩.૨૦૧૬ અને ૨૨.૦૬.૨૦૧૫ ના જાહેરનામાઓને પડકાર્યા છે, જેમાં જણાવાયું છે કે તેમાં સૂચિબદ્ધ મિલકતો મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઇન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (ઇન ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ) એક્ટ, ૧૯૯૯ (જે હવે પછી 'એમ.પી.આઇ.ડી. એક્ટ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૪(૧) અને ૫(૧) હેઠળ જપ્ત કરવામાં આવી છે. અરજદારોએ સામાવાળા નં. ૨ દ્વારા સામાવાળા નં. ૫ અને ૬ ને આપેલા નિર્દેશને પણ પડકાર્યો છે, જેના દ્વારા તેઓને અરજદારોની મિલકતો અંગે મહેસૂલી રેકોર્ડમાં જરૂરી નોંધો કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

૨. જ્યારે, લેટર્સ પેટન્ટ નં. ૪૬૩/૨૦૧૫ થી ૪૬૪/૨૦૧૫ અને ૪૮૦/૨૦૧૫ થી ૪૮૧/૨૦૧૫ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સમાં વિદ્વાન સિંગલ જજ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૨૪.૦૨.૨૦૧૫ ના કોમન સી.એ.વી. હુકમ સામે લેટર્સ પેટન્ટના ક્લોઝ ૧૫ હેઠળ દાખલ કરવામાં આવી છે, જેના દ્વારા વિદ્વાન સિંગલ જજે 'ફોરમ કન્વિનિયન્સ' ના કારણસર ગુણદોષમાં પ્રવેશ્યા વિના અરજીઓ નામંજૂર કરી છે અને સંબંધિત અરજદારોને બોમ્બે હાઇકોર્ટ અથવા તેના તાબાની કોઈપણ કોર્ટ સમક્ષ જવાની છૂટ આપી છે.

૩. ઉપરોક્ત અરજીઓની સાથે સાથે લેટર્સ પેટન્ટ અપીલોમાં સંકળાયેલો મુદ્દો સમાન છે અને તેથી આ કોર્ટે, તારીખ ૦૩.૦૩.૨૦૧૬ ના હુકમ દ્વારા, રજિસ્ટ્રીને

લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૬૪/૨૦૧૫ અને સંબંધિત મેટર્સના પેપર્સ ઉપરોક્ત અરજીઓ સાથે મૂકવા નિર્દેશ આપ્યો હતો અને પક્ષકારો તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલોની સંમતિથી, ઉપરોક્ત અપીલોની સુનાવણી ઉપરોક્ત અરજીઓ સાથે કરવામાં આવે છે અને આ સામાન્ય ચુકાદા દ્વારા તેનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. જોકે, અનુકૂળતા ખાતર, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૭/૨૦૧૫ માં વર્ણવેલી હકીકતો નોંધવામાં આવી છે.

૪. ટૂંકમાં હકીકતો નીચે મુજબ છે:

૪.૧. એન.કે. પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડ, જે અગાઉ એન.કે. પ્રોટીન્સ લિમિટેડ તરીકે જાણીતી હતી (જે હવે પછી 'એન.કે.પી.એલ.' તરીકે ઉલ્લેખિત છે) એ કંપનીઝ એક્ટ, ૧૯૫૬ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલી પ્રાઈવેટ લિમિટેડ કંપની છે અને તે ખાદ્ય તેલો એટલે કે વોશ્ડ કોટન સીડ ઓઈલ, ક્રૂડ પામ ઓઈલ, ક્રૂડ ડિગમ્ડ સોયાબીન ઓઈલ, ક્રૂડ સનફ્લાવર સીડ ઓઈલ, ગ્રાઉન્ડનટ ઓઈલ, વગેરેના ઉત્પાદન, પ્રક્રિયા અને માર્કેટિંગના વ્યવસાયમાં સંકળાયેલી છે. તે સીડ પ્રોસેસિંગ, સોલ્વન્ટ એક્સ્ટ્રેક્શન અને ખાદ્ય/અખાદ્ય તેલોના વેપારમાં પણ સંકળાયેલી છે. શ્રી નિલેશ પટેલ સદર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે, જ્યારે શ્રી નિમેષ પટેલ સદર કંપનીના ચેરમેન છે. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૭/૨૦૧૫ ના અરજદાર નં. ૧ તે શ્રી નિલેશ પટેલની પત્ની છે, જ્યારે અરજદાર નં. ૨ તે શ્રી નિમેષ પટેલની પત્ની છે અને બંને એન.કે.પી.એલ. ના શેર પણ ધરાવે છે.

૪.૨. નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડ (જે હવે પછી 'એન.એસ.ઈ.એલ.' તરીકે ઉલ્લેખિત છે) એ કંપનીઝ એક્ટ, ૧૯૫૬ ની જોગવાઈઓ હેઠળ નોંધાયેલી કંપની છે, જે મે ૨૦૦૫ માં ઇનકોર્પોરેટ કરવામાં આવી હતી. એન.એસ.ઈ.એલ. નો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ આધારિત કોમોડિટીઝના ટ્રેડિંગના હેતુ માટે ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો. ભારત સરકારે, ફોરવર્ડ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) એક્ટ ઓફ ૧૯૫૨ ની કલમ ૨૭ હેઠળ બહાર પાડવામાં આવેલા તારીખ ૦૫.૦૬.૨૦૦૭ ના જાહેરનામા દ્વારા, એન.એસ.ઈ.એલ. ને અમુક શરતો પર સદર અધિનિંયમની જોગવાઈઓના અમલમા થી મુક્તિ આપી હતી. એન.એસ.ઈ.એલ. નું સદર ઈલેક્ટ્રોનિક એક્સચેન્જ ૧૫.૧૦.૨૦૦૮ થી કાર્યરત બન્યું હતું. એન.કે.પી.એલ. ઓક્ટોબર ૨૦૦૮ થી સદર એક્સચેન્જની મેમ્બર બની હતી. આમ, એન.કે.પી.એલ. ને પોતાના માટે અને/અથવા તેના ક્લાયન્ટ્સ વતી સદર એક્સચેન્જ પર પ્રવૃત્તિઓ હાથ ધરવાની પરવાનગી આપવામાં આવી હતી. જોકે, તારીખ ૧૨.૦૭.૨૦૧૩ ના પત્રવ્યવહાર દ્વારા, કેન્દ્ર સરકારે એન.એસ.ઈ.એલ. ને નિર્દેશ આપ્યો હતો કે સંબંધિત સત્તાધિકારી તરફથી વધુ સૂચનાઓ ન મળે ત્યાં સુધી એન.એસ.ઈ.એલ. ના એક્સચેન્જ પ્લેટફોર્મ પર અથવા તેના મારફતે કોઈ નવા કોન્ટ્રાક્ટ લોન્ચ કરવામાં આવશે નહીં અને તેથી, એન.એસ.ઈ.એલ. એ, તેના તારીખ ૩૧.૦૭.૨૦૧૩ ના પરિપત્ર દ્વારા, આગળની નોટિસ સુધી તમામ કોન્ટ્રાક્ટ સસ્પેન્ડ કર્યા હતા. ઉપરોક્ત કટોકટીના પરિણામે, એન.એસ.ઈ.એલ. ના ઈલેક્ટ્રોનિક એક્સચેન્જના માધ્યમથી એન.એસ.ઈ.એલ. માં તેમના ભંડોળનું રોકાણ કર્યું હોવાનો દાવો

કરતા ઘણા રોકાણકારોને, તેમના નાણાં પરત મળ્યા ન હતા. જેના પરિણામે, એક શ્રી પંકજ સરાફ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

૪.૩. શ્રી પંકજ સરાફ પાસેથી મળેલી ફરિયાદના આધારે, સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર, યુનિટ–૫, ઈકોનોમિક ઓફેન્સીસ વિંગ, ક્રાઇમ બ્રાન્ચ, મુંબઈ – સામાવાળા નં. ૨ એ, એન.એસ.ઈ.એલ. ના ડિરેક્ટરો અને મુખ્ય મેનેજમેન્ટ કર્મચારીઓ, તેના લેણદારો અને અન્ય લોકો સામે ઈન્ડિયન પીનલ કોડ ની કલમ ૪૦૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૪૭૭એ અને ૧૨૦બી હેઠળ એફ.આઈ.આર. નં. ૨૧૬/૨૦૧૩ નોંધી. ત્યારબાદ, તપાસ દરમિયાન, મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝિટર્સ (ઈન ફાઈનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ) એક્ટ, ૧૯૯૯ (જે હવે પછી 'એમ.પી.આઈ.ડી. એક્ટ' તરીકે ઉલ્લેખિત છે) ની કલમ ૩ અને ૪ ઉમેરવામાં આવી હતી. સદર એફ.આઈ.આર. ની તપાસ સામાવાળા નં. ૨ દ્વારા કરવામાં આવી છે.

૪.૪. અરજદારોનો કેસ એવો છે કે એન.એસ.ઈ.એલ. અને એન.કે.પી.એલ. વચ્ચે કેટલાક વિવાદો ઊભા થયા હતા અને તેથી એન.એસ.ઈ.એલ. એ એન.કે.પી.એલ. પાસેથી એન.એસ.ઈ.એલ. ના લેણાંની વસૂલાત માટે વચગાળાના હુકમો મેળવવા આર્બિટ્રેશન એન્ડ કન્સિલિએશન એક્ટ, ૧૯૯૬ ની કલમ ૯ હેઠળ બોમ્બે હાઈકોર્ટ સમક્ષ આર્બિટ્રેશન પિટિશન (એલ) નં. ૧૫૨૪/૨૦૧૩ નામની અરજી દાખલ કરી હતી. જોકે, અરજદારોનું કહેવું છે કે બોમ્બે હાઈકોર્ટે એન.એસ.ઈ.એલ. ની તરફેણમાં એડ–ઈન્ટરિમ રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ, એન.એસ.ઈ.એલ. એ સદર અરજી પાછી ખેંચી

લીધી છે જેને ત્યારબાદ આર્બિટ્રેશન પિટિશન નં. ૨૭/૨૦૧૪ તરીકે નંબર આપવામાં આવ્યો હતો.

૪.૫. અરજદારોએ રજૂઆત કરી કે એન.કે.પી.એલ. ના ડિરેક્ટર અને હોદ્દેદારો સામે નોંધાયેલી એફ.આઈ.આર. ના અનુસંધાનમાં, તેઓએ તપાસ એજન્સીને સહકાર આપ્યો છે અને શ્રી નિલેશ પટેલને બોમ્બે હાઈકોર્ટ દ્વારા તારીખ ૨૮.૦૧.૨૦૧૪ ના હુકમથી જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

૪.૬. દરમિયાન, સામાવાળા નં. ૨ એ એમ.પી.આઈ.ડી. એક્ટ ની જોગવાઈઓ હેઠળ કલેક્ટર, અમદાવાદ, કલેક્ટર, મહેસાણા અને કલેક્ટર, પાટણ ને તારીખ ૦૯.૧૧.૨૦૧૩ ની નોટિસો/હુકમો જારી કર્યા હતા, જેમાં તેમને એમ.પી.આઈ.ડી. એક્ટ હેઠળ નિયુક્ત સ્પેશિયલ સેશન્સ કોર્ટ, મુંબઈ ની પરવાનગી વિના સદર હુકમમાં દર્શાવેલી મિલકતોના સંબંધમાં કોઈ ત્રાહિત પક્ષકારનું હિત ઊભું ન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, અને તે અંગે રેકોર્ડમાં જરૂરી નોંધો કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. તેથી અરજદારોએ સામાવાળા નં. ૨ ની કાર્યવાહી સામે આ કોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સ દાખલ કરી. આ કોર્ટના વિદ્વાન સિંગલ જજે, સદર અરજીમાં પસાર કરેલા તારીખ ૨૪.૦૨.૨૦૧૫ ના સામાન્ય ચુકાદા દ્વારા, કેસના ગુણદોષમાં ગયા વિના 'ફોરમ કન્વિનિયન્સ' ના કારણસર તમામ અરજીઓ નામંજૂર કરી. આ તબક્કે, એ નોંધવું પ્રસ્તુત છે કે સદર હુકમ સામે, અરજદારોએ લેટર્સ પેટન્ટના ક્લોઝ ૧૫ હેઠળ લેટર્સ પેટન્ટ

અપીલ નં. ૪૬૩/૨૦૧૫ અને સંબંધિત મેટર્સ દાખલ કરી, જેની સુનાવણી પણ આ અરજીઓની સાથે કરવામાં આવી રહી છે.

૪.૭. અરજદારોનું કહેવું છે કે એન.એસ.ઇ.એલ. એ એન.કે.પી.એલ. અને અરજદારો સહિત અન્ય ૫૦ સામે રૂ. ૯૬૯.૮૯ કરોડની કથિત બાકી રકમની વસૂલાત માટે બોમ્બે હાઈકોર્ટ સમક્ષ નોટિસ ઓફ મોશન નં. ૭૪૯/૨૦૧૫ ની સાથે સૂટ નં. ૪૩૨/૨૦૧૫ દાખલ કરીને દાવો માંડ્યો છે. અરજદારોના કેસ મુજબ સદર દાવો હજુ પડતર છે.

૪.૮. અરજદારોના કેસ મુજબ પણ, એન.એસ.ઇ.એલ. એ બોમ્બે હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશન નં. ૧૪૦૩/૨૦૧૫ દાખલ કરીને ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટમાં એમ.પી.આઇ.ડી. એક્ટ ની જોગવાઈઓના ઉમેરાને પડકારતી રિટ પિટિશન દાખલ કરી હતી. સદર અરજી નામંજૂર કરવામાં આવી છે.

૪.૯. એન.કે.પી.એલ. ના શ્રી નિલેશ પટેલ અને શ્રી નિમેષ પટેલે તેમની સામેની સી.આર. નં. ૮૯/૨૦૧૩ નામની એફ.આઇ.આર. રદ કરવાની માંગ સાથે બોમ્બે હાઇકોર્ટ સમક્ષ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ અને કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર, ૧૯૭૩ ની કલમ ૪૮૨ હેઠળ રિટ પિટિશન (ક્રિમિનલ) નં. ૩૩૪૨/૨૦૧૪ દાખલ કરી છે અને અરજદારોના કહેવા મુજબ સદર બાબત પડતર છે.

૪.૧૦. બોમ્બે હાઇકોર્ટ સમક્ષ અન્ય એક કાર્યવાહી પડતર છે જે મોડર્ન ઇન્ડિયા દ્વારા એન.એસ.ઇ.એલ., ફ્યુચર ટેકનોલોજીસ ઇન્ડિયા લિમિટેડ અને તેમના

પ્રમોટર સહિત અન્ય સંબંધિત કંપનીઓ સામે આશરે રૂ. ૫૬૦૦ કરોડની વસૂલાત માટે પ્રતિનિધિત્વ દાવા તરીકે દાખલ કરવામાં આવેલ સૂટ નં. ૧૭૩/૨૦૧૪ છે. સદર દાવામાં, બોમ્બે હાઈકોર્ટ રૂલ્સ હેઠળ નિર્ધારિત પ્રક્રિયા મુજબ અનેક સંસ્થાઓને ત્રાહિત પક્ષકારની નોટિસો જારી કરવામાં આવી હતી. બોમ્બે હાઈકોર્ટના વિદ્વાન સિંગલ જજે પક્ષકારો અને એન.એસ.ઈ.એલ. વચ્ચે સમાધાનની સુવિધા માટે અને કથિત લેણાંની ઝડપી વસૂલાત સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી ત્રણ સભ્યોની સમિતિની નિમણૂક કરતો તારીખ ૦૨.૦૯.૨૦૧૪ નો હુકમ પસાર કર્યો હતો. સદર કાર્યવાહીમાં એન.કે.પી.એલ. પક્ષકાર ન હતી અને તેથી એન.કે.પી.એલ. એ બોમ્બે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ નોટિસ ઓફ મોશન (એલ) ૨૭૪૪/૨૦૧૪ ની સાથે અપીલ (એલ) નં. ૭૪૧/૨૦૧૪ દાખલ કરીને તારીખ ૦૨.૦૯.૨૦૧૪ ના હુકમને પડકાર્યો હતો. સદર અપીલ દાખલ કરવામાં આવી છે અને ડિવિઝન બેન્ચે એન.કે.પી.એલ. પૂરતા વિદ્વાન સિંગલ જજ દ્વારા પસાર કરેલા તારીખ ૦૨.૦૯.૨૦૧૪ ના હુકમના અમલ પર સ્ટે આપ્યો છે.

૪.૧૧. બાબતોની ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, અરજદારોની ફરિયાદ એ છે કે સામાવાળા નં. ૧ દ્વારા એમ.પી.આઇ.ડી. એક્ટની કલમ ૪(૧) અને કલમ ૫(૧) હેઠળ સત્તાનો ઉપયોગ કરતી વખતે તારીખ ૧૨.૦૩.૨૦૧૫ અને ૨૨.૦૬.૨૦૧૫ ના જાહેરનામા બહાર પાડવામાં આવ્યા હતા, જેની નકલો સામાવાળા નં. ૫ અને ૬ ને એટલે કે સ્ટેટ ઓફ ગુજરાત ના વૈધાનિક સત્તાધિકારીને મોકલવામાં આવી છે, સાથે સામાવાળા નં. ૨ દ્વારા તારીખ

૦૫.૦૯.૨૦૧૫ ના પત્ર મારફતે અરજદારોની મિલકતોના સંબંધમાં રજિસ્ટરમાં જરૂરી નોંધો કરવા માટે નિર્દેશ આપવામાં આવેલ છે. સામાવાળા નં. ૨ એ એન.કે.પી.એલ. ને તારીખ ૦૫.૦૯.૨૦૧૫ નો એક પત્ર પણ સંબોધ્યો છે, જેમાં સામાવાળા નં. ૨ દ્વારા તેમાંના એનેક્ષરમાં વર્ણવેલી મિલકતોનો નિકાલ ન કરવા અથવા તેના પર કોઈ ત્રાહિત પક્ષકારના હકો ઊભા ન કરવાના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા. તારીખ ૧૨.૦૩.૨૦૧૫ અને ૨૨.૦૬.૨૦૧૫ ના ઉપરોક્ત જાહેરનામાઓ મારફતે એન.કે.પી.એલ. અને અન્ય સંસ્થાઓની વિવિધ મિલકતો જેમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૭/૨૦૧૫ ના અરજદારોની મિલકતો સામેલ છે તે જપ્ત કરવામાં આવી છે. અરજદારોની ફરિયાદ એ છે કે મિલકતોમાં અરજદારોની જમીન, બંગલો અને અમદાવાદ, મહેસાણા અને પાટણ ખાતે આવેલી ઓફિસ પરિસરનો સમાવેશ થાય છે. તેથી અરજદારોએ સામાવાળા નં. ૧ દ્વારા બહાર પાડવામાં આવેલા તારીખ ૧૨.૦૩.૨૦૧૫ અને ૨૨.૦૬.૨૦૧૫ ના જાહેરનામાઓ તેમજ સામાવાળા નં. ૨ દ્વારા જારી કરાયેલા તારીખ ૦૫.૦૯.૨૦૧૫ ના પત્રને પડકારતી હાલની અરજીઓ દાખલ કરી છે.

૪.૧૨. ઉપર અવલોકન કર્યા મુજબ, અરજીઓ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૧૮૬૩૮/૨૦૧૫ અને ૧૮૬૩૯/૨૦૧૫ સંબંધિત અરજદારો દ્વારા દાખલ કરવામાં આવી છે, જેના દ્વારા સદર અરજદારોએ પણ ઉપરોક્ત જાહેરનામાઓને પડકાર્યા છે.

૪.૧૩. સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સની અરજીઓના અન્ય સેટમાં, અરજદારોએ અહીંના સામાવાળા નં. ૨ દ્વારા કલેક્ટર, અમદાવાદને જારી કરવામાં આવેલ તારીખ ૦૯.૧૧.૨૦૧૩ ની નોટિસ/હુકમને પડકાર્યો છે, જેના દ્વારા સદર સત્તાધિકારીએ કલેક્ટરને જાણ કરી હતી કે એન.કે.પી.એલ. અને અન્ય અરજદારોની મિલકતો, જેની વિગતો નોટિસમાં આપવામાં આવી છે, જે કલેક્ટર, અમદાવાદની પ્રાદેશિક હકૂમત હેઠળ આવેલી છે, તે સદર નોટિસ/હુકમમાં દર્શાવેલ કારણો અને સંજોગો માટે રોકાણકારોના હિતમાં સુરક્ષિત કરવામાં આવી છે જેમાં આગળ એવી શરત છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ હેઠળ નિયુક્ત સ્પેશિયલ સેશન્સ કોર્ટની પરવાનગી વિના સદર મિલકતોમાં કોઈ ત્રાહિત પક્ષકારનું હિત ઊભું ન કરવામાં આવે. અત્રે ઉપર અવલોકન કર્યા મુજબ, વિદ્વાન સિંગલ જજે, તારીખ ૨૪.૦૨.૨૦૧૫ ના કોમન હુકમ દ્વારા, કેસના ગુણદોષમાં ગયા વિના 'ફોરમ કન્વિનિયન્સ' ના કારણસર સદર અરજીઓ નામંજૂર કરી. તેથી, સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સમાં પસાર કરાયેલા સદર કોમન હુકમ સામે, લેટર્સ પેટન્ટ અપીલ નં. ૪૬૩/૨૦૧૫ અને સંબંધિત મેટર્સ લેટર્સ પેટન્ટના ક્લોઝ ૧૫ હેઠળ દાખલ કરવામાં આવેલ છે.

૫. સંબંધિત અરજીઓ અને અપીલોમાં અરજદારો તેમજ અપીલકર્તાઓ માટે સિનિયર વકીલ શ્રી કે.એસ. નાણાવટી અને સિનિયર વકીલ શ્રી મિહિર જોશી આસિસ્ટેડ બાય નાણાવટી અસોસિએટ્સ માટે વકીલ શ્રી નંદિશ ચુડગરને, સામાવાળા નં. ૧ અને ૨ માટે ઉપસ્થિત સિનિયર વકીલ શ્રી પી.કે. જાનીને,

સામાવાળા નં. ૯ માટે વકીલ શ્રી બી.એસ. રાજુ સાથે ઉપસ્થિત સિનિયર વકીલ શ્રી મિહિર ઠાકોરને અને સામાવાળા નં. ૧૦ માટે વકીલ શ્રી અર્જુન શેઠ દ્વારા આસિસ્ટેડ સિનિયર વકીલ શ્રી કમલ ત્રિવેદીને સાંભળ્યા.

૬. અરજદારો અને અપીલકર્તાઓ માટે ઉપસ્થિત સિનિયર વકીલ શ્રી કે.એસ. નાણાવટી અને સિનિયર વકીલ શ્રી મિહિર જોશી એવી રજૂઆત કરશે કે વાદગ્રસ્ત જાહેરનામાઓ એવી વ્યક્તિ દ્વારા બહાર પાડવામાં આવ્યા છે જેને એમ.પી.આઇ.ડી. એક્ટની કલમ ૧૬(૧) હેઠળ ઘડવામાં આવેલા એમ.પી.આઇ.ડી. રૂલ્સ ના નિયમ ૩(૧) સાથે વંચાણમાં લેતા એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ પ્રશ્નવાળી મિલકતો જપ્ત કરવાનો હુકમ જારી કરવાની કાયદાકીય સત્તા નથી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે ઉપરોક્ત એક્ટ ની કલમ ૩ સાથે વંચાણમાં લેતા કલમ ૪ અને રૂલ્સ રાજ્ય સરકારને એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ ની મર્યાદામાં આવતી વ્યક્તિઓની મિલકતો જપ્ત કરવાનો હુકમ જારી કરવાની સત્તાઓ પ્રદાન કરે છે. રૂલ્સ ના નિયમ ૩ મુજબ આવી સત્તાઓ સેક્રેટરીના હોદ્દાથી નીચેના ન હોય તેવા અધિકારીને સોંપી શકાય છે. હાલના કેસમાં, સામાવાળા નં. ૧, જેમણે વાદગ્રસ્ત જાહેરનામાઓ બહાર પાડ્યા છે, તે ડેપ્યુટી સેક્રેટરી છે અને તેથી તેમને વાદગ્રસ્ત જાહેરનામાઓ પસાર કરવાની કોઈ સત્તા નહોતી. તેથી, વાદગ્રસ્ત જાહેરનામાઓ/હુકમો હકૂમત વિનાના છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે સરકાર અથવા તેના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ દરેક કૃત્ય, જો તે કોઈ વ્યક્તિને નુકસાન પહોંચાડવા માટે અમલમાં મૂકવાનું હોય, તો તેને અમુક કાયદાકીય

સત્તાનું પીઠબળ હોવું આવશ્યક છે. સદર રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલોએ બિશંભર દયાલ ચંદ્ર મોહન અને અન્ય વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, (૧૯૮૨) ૧ એસ.સી.સી. ૩૯ માં નોંધાયેલા સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખ્યો છે.

૬.૧. એવી રજૂઆત કરવામાં આવી છે કે રેકોર્ડ પરથી, સામાવાળા નં. ૧ અને ૨ એ દર્શાવવામાં નિષ્ફળ ગયા છે કે કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને સામાવાળા નં. ૧ ને સત્તા સોંપવામાં આવી છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે સામાવાળા નં. ૧ ને વાદગ્રસ્ત જાહેરનામાઓ/હુકમો જારી કરવાની સત્તા અને અધિકાર છે એવું ભારપૂર્વક જણાવવા માટે મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ રૂલ્સ ઓફ બિઝનેસ એન્ડ ઈન્સ્ટ્રક્શન્સ ના નિંયમ ૧૩ પર સામાવાળા ન . ૧ અને ૨ દ્વારા રાખવામાં આવેલ આધાર ગેરસમજભર્યો છે. આ તબક્કે, એ નિર્દેશ કરવામાં આવે છે કે ઉપરોક્ત રૂલ્સ નો નિયમ ૧૩ માત્ર સરકારના હુકમ પર યાંત્રિક રીતે સહી કરવા સાથે સંબંધિત છે અને રાજ્ય સરકારની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરતી વખતે હુકમ જારી કરવા સાથે સંબંધિત નથી, જેના દ્વારા સંબંધિત સત્તાધિકારીએ જાહેરનામાઓ જારી કરવા માટે કારણો અને સંતોષ નોંધવા પડશે. આમ, હુકમો/જાહેરનામાઓ પર સહી કરવાની માત્ર સત્તા સંબંધિત સત્તાધિકારીને એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ હુકમ જારી કરવાની સત્તા આપી શકતી નથી. આ તબક્કે, વિદ્વાન વકીલોએ તેમની રજૂઆતના સમર્થનમાં સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ વિ. વિશ્વનાદુલા ચેટ્ટી બાબુ, (૨૦૧૦) ૧૫

એસ.સી.સી. ૧૦૩ માં નોંધાયેલા સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખ્યો છે.

૬.૨. અરજદારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી કે અરજદારો એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૩(ડી) દ્વારા વ્યાખ્યાયિત કર્યા મુજબની 'ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ' નથી કે તેઓ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ એટલે કે એન.એસ.ઇ.એલ. ના પ્રમોટરો, ડિરેક્ટરો, ભાગીદારો, મેનેજરો અથવા શેરહોલ્ડરો નથી. તેથી, અરજદારોની મિલકતોને એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ જપ્ત કરી શકાતી નથી. આ તબક્કે, વિદ્વાન વકીલોએ એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૨(સી) અને (ડી), ૩ અને ૪ માં સમાવિષ્ટ જોગવાઈઓનો સંદર્ભ લીધો અને રજૂઆત કરી કે એમ.પી.આઇ.ડી. એક્ટ નો ઉદ્દેશ્ય અને હેતુ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ની મિલકતો જપ્ત કરીને તેનું વેચાણ કરવાનો છે, જે તેણે પોતાના નામે અથવા બેનામી નામે અથવા ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ના પ્રમોટરો, ડિરેક્ટરો, ભાગીદાર, મેનેજર અથવા સભ્યો તરીકે ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ સાથે સંકળાયેલી વ્યક્તિઓના નામે રાખેલી હોય. વાદગ્રસ્ત જાહેરનામાઓનો સંદર્ભ આપ્યા પછી, એવું રજૂ કરવામાં આવ્યું છે કે જાહેરનામું એન.એસ.ઇ.એલ. ને ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ તરીકે વ્યાખ્યાયિત કરે છે અને સદર જાહેરનામાઓમાં એવો કોઈ આક્ષેપ નથી કે અરજદારો ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ છે. તેથી, અરજદારો એમ.પી.આઇ.ડી. એક્ટ ની મર્યાદાની બહાર રહેશે અને તેથી સામાવાળા નં. ૧ ને અરજદારોની મિલકતો જપ્ત કરવાની

એમ.પી.આઇ.ડી. એક્ટ હેઠળ કોઈ સત્તા નથી. આ તબક્કે, આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ને તેના ડિફોલ્ટરો/દેવાદારો પાસેથી તેના લેણાં વસૂલવા માટે સક્ષમ બનાવવા માટે ઘડવામાં આવ્યો નથી. જોકે, સદર એક્ટ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ અને તેના થાપણદારો વચ્ચેના સંબંધનું નિયમન કરે છે. તેથી, એવી રજૂઆત કરવામાં આવી છે કે કારણ કે અરજદારો એન.કે.પી.એલ. ના શેરહોલ્ડર છે અને એન.કે.પી.એલ. એન.એસ.ઇ.એલ. ની ડિફોલ્ટર/દેવાદાર છે, તેથી અરજદારોની મિલકતો એમ.પી.આઇ.ડી. એક્ટ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરી શકાતી નથી. આથી, વાદગ્રસ્ત જાહેરનામાઓ કાયદેસર અમાન્ય ઠેરવી રદ કરવામાં આવે.

૬.૩. અરજદારો માટેના વિદ્વાન વકીલ એવી રજૂઆત કરશે કે એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ સત્તાનો ઉપયોગ અરજદારો પૂરતો ગેરસમજભર્યો છે કારણ કે સદર કલમ હેઠળની સત્તાઓ એ ધારણા પર લાગુ કરવામાં આવી છે કે જાહેરનામાઓના શેડ્યૂલમાં વર્ણવેલ મિલકતો કથિત રીતે એન.એસ.ઇ.એલ. અને તેના ચેરમેન/ડિરેક્ટરો દ્વારા સંપાદિત કરવામાં આવી છે, જ્યારે વાસ્તવમાં અરજદારો તેના માલિકો છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે વિવાદિત મિલકતો ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ એટલે કે એન.એસ.ઇ.એલ. અથવા તેના ચેરમેન અથવા ડિરેક્ટરની મિલકતો નથી. એમ.પી.આઇ.ડી. ની કલમ ૪ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ના શેરહોલ્ડરો અથવા સભ્યની મિલકતો જપ્ત કરવાની જોગવાઈ કરતી નથી. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે

ફાઈનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ના લેણદારો અથવા ડિફોલ્ટરો અથવા દેવાદારોની મિલકતો એમ.પી.આઈ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ જપ્ત કરવા અથવા કબજે કરવા પાત્ર નથી.

૬.૪. અરજદારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી છે કે વાદગ્રસ્ત હુકમો/જાહેરનામાઓ એમ.પી.આઈ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ હુકમો પસાર કરવા માટે હકૂમત પ્રાપ્ત કરવાની પૂર્વ શરતનું પાલન કર્યા વિના જારી કરવામાં આવ્યા છે અને વાદગ્રસ્ત જાહેરનામાઓ માઈન્ડ એપ્લાય ન કરવાની ખામી (નોન-એપ્લિકેશન ઓફ માઈન્ડ) અને સત્તાના કલરેબલ ઉપયોગથી પીડાય છે. સદર રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે વાદગ્રસ્ત જાહેરનામાઓ સાથે સામેલ મિલકતોની વિગતોનો સંદર્ભ આપ્યો અને રજૂઆત કરી કે સદર મિલકતોમાં એન.કે.પી.એલ. ના ટ્રેડ માર્ક તેમજ અરજદારો અને એન.કે.પી.એલ. ની મિલકતોનો સમાવેશ થાય છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે ટ્રેડ માર્ક, જે બૌદ્ધિક મિલકતો છે અને ૧૯૯૨ માં મૂળરૂપે ઈનકોર્પોરેટ થયા પછી એન.કે.પી.એલ. દ્વારા સંપાદિત કરવામાં આવ્યા હતા અને એન.એસ.ઈ.એલ. ની સ્થાપના પહેલા અરજદારો દ્વારા સંપાદિત કરવામાં આવેલી કેટલીક અન્ય મિલકતોને જપ્ત કરવાની કાર્યવાહી, સંપૂર્ણ નોન-એપ્લિકેશન ઓફ માઈન્ડ દર્શાવે છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા મિલકતો જપ્ત કરવાની સત્તાઓનો ઉપયોગ માત્ર ત્યારે જ થઈ શકે છે જો તેણે ઉદ્દેશ્યપૂર્ણ હકીકતો પર વ્યક્તિલક્ષી સંતોષ નોંધ્યો હોય કે જે મિલકતો જપ્ત કરવાની છે તે 'ફાઈનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા સંપાદિત કરવામાં આવી હોવાનું

માનવામાં આવે છે' પછી ભલે તે પોતાના નામે હોય કે અન્ય કોઈ વ્યક્તિના નામે ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા એકત્રિત કરવામાં આવેલી થાપણોમાંથી સંપાદિત કરાઈ હોય અને આવા સંતોષના કારણો લેખિતમાં નોંધવામાં આવ્યા હોય. એવું રજૂ કરવામાં આવ્યું છે કે વાદગ્રસ્ત જાહેરનામાઓમાં આ શરતો પૂરી થતી નથી. વાદગ્રસ્ત જાહેરનામાઓ પરથી, એવું ધ્યાન દોરવામાં આવ્યું છે કે તેમાં કારણો અથવા આધાર સમાવિષ્ટ નથી પરંતુ માત્ર એટલું જ જણાવ્યું છે કે મિલકતો 'સંપાદિત કરવામાં આવી હોવાનો આક્ષેપ છે'.

૬.૫. આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે વાદગ્રસ્ત જાહેરનામાઓમાં, સામાવાળા નં. ૧ અને ૨ એ એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે શેડ્યૂલની મિલકતો ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ અને તેના ચેરમેન/ડિરેક્ટર દ્વારા થાપણોમાંથી સંપાદિત કરવામાં આવી છે પરંતુ આવા નિષ્કર્ષ માટેના કોઈ આધાર/કારણો વાદગ્રસ્ત જાહેરનામાઓમાં દર્શાવવામાં આવ્યા નથી. આમ, જ્યાં સુધી સત્તાના ઉપયોગ માટેની પૂર્વ શરત સંતોષાતી નથી, ત્યાં સુધી સત્તાધિકારીને પગલાં લેવા માટે હકૂમત પ્રાપ્ત થતી નથી અને આવી કાર્યવાહી રદબાતલ ગણાશે. ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં, અરજદારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, યુ.પી. વિ. ભગવાન ઇન્ડસ્ટ્રીઝ (પી) લિ., (૧૯૭૩) ૩ એસ.સી.સી. ૨૬૫ માં નોંધાયેલ.

(૨) અસલમ મોહમ્મદ મર્ચન્ટ વિ. કોમ્પિટન્ટ ઓથોરિટી, (૨૦૦૮) ૧૪ એસ.સી.સી. ૧૮૬ માં નોંધાયેલ.

(૩) શિવનાથ સિંઘ વિ. એપેલેટ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ, (૧૯૭૨) ૩ એસ.સી.સી. ૨૩૪ માં નોંધાયેલ.

(૪) અરુણકુમાર અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, (૨૦૦૭) ૧ એસ.સી.સી. ૭૩૨ માં નોંધાયેલ.

૬.૬. અરજદારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી કે એમ.પી.આઈ.ડી. એક્ટ ની જોગવાઈઓ જે હદે અરજદારોની મિલકતો સામે લાગુ કરવામાં આવે છે તે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૫ નું ઉલ્લંઘન કરશે, કારણ કે અરજદારો અને તેમની મિલકતો બંને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ના પ્રદેશોની બહાર આવેલા છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે અરજદારો અને જપ્ત કરવામાં આવનાર તેમની મિલકતો વચ્ચે અને સામાવાળા નં. ૧ દ્વારા એમ.પી.આઈ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ લેવામાં આવેલા પગલાં વચ્ચે કોઈ પ્રાદેશિક સંબંધ સ્થાપિત થતો નથી કારણ કે સદર કલમની શરતો સ્થાપિત થતી નથી. વિદ્વાન વકીલ એવી રજૂઆત કરશે કે તે સુસ્થાપિત છે કે રાજ્ય વિધાનસભાની કાયદા ઘડવાની સત્તા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૫ ના આધારે રાજ્યના પ્રદેશો પૂરતી મર્યાદિત છે અને રાજ્યને એવો કાયદો ઘડવાની કોઈ સત્તા નથી જે એક્સ્ટ્રા-ટેરિટોરિયલ અમલ અથવા ઉપયોગ ધરાવતો હોય. આ રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલ નીચેના કેસોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ પર આધાર રાખશે:

૧. આર.એસ.ડી.વી. ફાઈનાન્સ કો. લિ. વિ. શ્રી વલ્લભ ગ્લાસ વર્ક્સ લિ., (૧૯૯૩) ૨ એસ.સી.સી. ૧૩૦ માં નોંધાયેલ.

૨. નૌતમ પ્રકાશ ડી.એસ.જી.વી.સી., વડતાલ અને અન્ય વિ. કે.કે. ઠક્કર અને અન્ય, (૨૦૦૬) ૫ એસ.સી.સી. ૩૩૦ માં નોંધાયેલ.

૩. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા વિ. જયપુર ઉદ્યોગ અને અન્ય, એ.આઇ.આર. ૧૯૮૬ ડેલ. ૩૫૭ માં નોંધાયેલ.

૪. સ્ટેટ ઓફ બોમ્બે વિ. આર.એમ.ડી. ચામરબાગવાલા, એ.આઇ.આર. ૧૯૫૭ એસ.સી. ૬૯૯ માં નોંધાયેલ.

૫. સ્ટેટ ઓફ બિહાર અને અન્ય વિ. ચારુશિલા દાસી, એ.આઇ.આર. ૧૯૫૯ એસ.સી. ૧૦૦૨ માં નોંધાયેલ.

૭. બીજી તરફ, સામાવાળા નં. ૧, ૨ અને ૩ માટે ઉપસ્થિત સિનિયર વકીલ શ્રી પી.કે. જાનીએ આ કોર્ટ સમક્ષ અરજીઓની ચલાવવાપાત્રતા અંગે પ્રાથમિક વાંધો ઉઠાવ્યો અને વૈકલ્પિક રીતે એવી રજૂઆત કરી કે 'ફોરમ કન્વિનિયન્સ' ના સિદ્ધાંત પર, આ કોર્ટ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ હકૂમતનો ઉપયોગ ન કરે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે આ કોર્ટને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ અરજીઓ ધ્યાને લેવાની કોઈ હકૂમત નથી કારણ કે આ કોર્ટની હકૂમત હેઠળ કાર્યવાહીનું કોઈ કારણ ઉપસ્થિત થયું નથી. એવું રજૂ કરવામાં આવ્યું છે કે એન.એસ.ઈ.એલ. ની હેડ ઓફિસ અને રજિસ્ટર્ડ ઓફિસ મુંબઈમાં આવેલી છે. અરજદારોની જૂથ કંપનીઓ વચ્ચેની સંમત શરતો મુજબ, વિવાદના ન્યાયનિર્ણય માટેનું સંમત સ્થળ મુંબઈ છે. તેવી જ રીતે, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ એમ.પી.આઇ.ડી. એક્ટ હેઠળની સત્તાઓનો ઉપયોગ કરતી વખતે

વાદગ્રસ્ત જાહેરનામાઓ/હુકમો પસાર કર્યા છે. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર દ્વારા નિમવામાં આવેલ સક્ષમ સત્તાધિકારી મુંબઈમાં છે. તેવી જ રીતે, મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ પોતે જ વિષયવસ્તુનો હવાલો સંભાળે છે અને તેની નિમણૂક બોમ્બે હાઈકોર્ટ અને સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલ છે. તેવી જ રીતે એફ.આઈ.આર. મુંબઈ ખાતે નોંધવામાં આવેલ છે અને તેની તપાસ મુંબઈ ખાતે સ્થિત સંબંધિત તપાસ એજન્સી દ્વારા કરવામાં આવે છે. ચાર્જશીટ પણ મુંબઈ ખાતે આવેલી કોર્ટમાં રજૂ કરવામાં આવેલ છે. સદર એફ.આઈ.આર. ના આરોપીઓની તપાસ એજન્સી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેઓને મુંબઈ ખાતે આવેલી સંબંધિત કોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે કાર્યવાહીનું સમગ્ર કારણ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર માં ઊભું થયું છે અને તેથી હાલની અરજીઓ આ કોર્ટ સમક્ષ ચલાવવાપાત્ર નથી.

૭.૧. વિદ્વાન વકીલ એવી રજૂઆત કરશે કે એમ.પી.આઈ.ડી. એક્ટ હેઠળ નિમાયેલા સક્ષમ સત્તાધિકારીએ જપ્ત કરવામાં આવેલી મિલકતોની યાદી દર્શાવીને મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ સમક્ષ પહેલેથી જ એક અરજી દાખલ કરી છે. નિયુક્ત કોર્ટે માલિકોને નોટિસ જારી કરી છે. અરજદારોને પણ આવી નોટિસો બજાવવામાં આવી છે. આ તબક્કે, વિદ્વાન વકીલ દ્વારા નિર્દેશ કરવામાં આવે છે કે એમ.પી.આઈ.ડી. એક્ટમાં સમાવિષ્ટ જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, નિયુક્ત કોર્ટ પાસે જપ્તીના હુકમને હટાવવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તેને કન્ફર્મ કરવાની સત્તા છે. આમ, અરજદારોની ફરિયાદ મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ દ્વારા

સાંભળી અને ન્યાયનિર્ણય કરી શકાય છે, જેની સમક્ષ કાર્યવાહી પડતર છે અને તેથી, ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળની રિટ અરજીઓ આ કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં ન આવે. ઉપરોક્ત રજૂઆતોના સમર્થનમાં, વિદ્વાન વકીલે મેલકોર એલોય્ઝ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા ના કેસમાં આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્વારા રિટ પિટિશન નં. ૩૭૦૫૬/૨૦૧૩ માં પસાર કરાયેલા તારીખ ૨૪.૦૧.૨૦૧૪ ના હુકમ પર આધાર રાખ્યો છે.

૭.૨. આ તબક્કે, વિદ્વાન વકીલ શ્રી જાની દ્વારા નિર્દેશ કરવામાં આવ્યો છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ માં સમાવિષ્ટ જોગવાઈઓ મુજબ, જપ્તીના હુકમને મુંબઈના વિદ્વાન ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટ, જે નિયુક્ત કોર્ટ છે, તેની ન્યાયિક ચકાસણી હેઠળ લાવવો પડે છે. જપ્તીના હુકમની મુદત ૩૦ દિવસની હોય છે અને ત્યારબાદ તે ન્યાયિક કાર્યવાહીને આધીન બને છે જેમાં જપ્તીના હુકમને કન્ફર્મ, મોડિફાય અથવા વેકેટ કરી શકાય છે. નિયુક્ત કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ સામે અપીલ દાખલ કરવા માટે વૈધાનિક ઉપાય પણ પૂરો પાડવામાં આવ્યો છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ એક સ્વયંપૂર્ણ સંહિતા છે જેમાં યોગ્ય સલામતીની જોગવાઈઓ કરવામાં આવી છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે આ કોર્ટ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ અસાધારણ રિટ હકૂમતનો ઉપયોગ ન કરે કારણ કે અરજદારો પાસે સમાન રીતે અસરકારક ઉપાય ઉપલબ્ધ છે.

૭.૩. વિદ્વાન વકીલે વૈકલ્પિક રીતે રજૂઆત કરી કે આ કોર્ટ 'ફોરમ કન્વિનિયન્સ' ના સિદ્ધાંત પર આ અરજીઓને ધ્યાને ન લે. એવું રજૂ કરવામાં

આવ્યું છે કે વાદગ્રસ્ત જાહેરનામાઓ દ્વારા જપ્ત કરવામાં આવેલી મિલકતો જે અરજદારોની એકમાત્ર માલિકીની છે તેની તપાસ મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ દ્વારા થઈ શકે છે. આ તબક્કે એ નિર્દેશ કરવામાં આવે છે કે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર એ ૨૫ જુદા જુદા પક્ષકારોની મિલકતો જપ્ત કરી છે જેઓ એન.એસ.ઈ.એલ. ના મોટા ડિફોલ્ટર છે. સંખ્યાબંધ થાપણદારોની રૂ. ૫૬૦૦ કરોડની જંગી રકમની ઉચાપત કરવામાં આવી છે. આવા થાપણદારો તેમજ ડિફોલ્ટરો દેશના વિવિધ શહેરો અને વિવિધ સ્થળોએ આવેલા છે. તેઓ મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન, દિલ્હી, પંજાબ, હરિયાણા અને અન્ય રાજ્યોમાં આવેલા છે. આમ, 'ફોરમ કન્વિનિયન્સ' ના સિદ્ધાંતના આધારે અરજીઓના વિષયવસ્તુના સંબંધમાં સમગ્ર વિવાદની સુનાવણી અને ન્યાયનિર્ણય સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર માં આવેલી કોર્ટ દ્વારા થઈ શકે છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે જો વિવિધ રાજ્યોમાં જુદી જુદી કાર્યવાહી ચલાવવાની મંજૂરી આપવામાં આવે, તો જુદી જુદી કોર્ટો દ્વારા અસંગત હુકમો પસાર થવાની પૂરી શક્યતાઓ છે અને જો અરજીઓની સુનાવણી જુદી જુદી હાઇકોર્ટમાં થાય તો તમામ પક્ષકારોને અગવડતા પડવાની સંભાવના છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે ફોરમ કન્વિનિયન્સના સિદ્ધાંત પર આ કોર્ટ દ્વારા આ અરજીઓને ધ્યાને લેવામાં ન આવે. ઉપરોક્ત રજૂઆતોના સમર્થનમાં, વિદ્વાન વકીલ શ્રી જાનીએ નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) કુસુમ ઇનગોટ્સ એન્ડ એલોય્ઝ લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય ના કેસમાં, (૨૦૦૪) ૬ એસ.સી.સી. ૨૫૪ માં નોંધાયેલ.

(૨) અંબિકા ઇન્ડસ્ટ્રીઝ વિ. કમિશનર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ ના કેસમાં, (૨૦૦૭) ૬ એસ.સી.સી. ૭૬૯ માં નોંધાયેલ.

(૩) અલ્કેમિસ્ટ લિ. અને અન્ય વિ. સ્ટેટ બેન્ક ઓફ સિક્કિમ અને અન્ય ના કેસમાં, (૨૦૦૭) ૧૧ એસ.સી.સી. ૩૩૫ માં નોંધાયેલ.

(૪) મેસર્સ સ્ટર્લિંગ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય ના કેસમાં, એ.આઇ.આર. ૨૦૧૧ દિલ્હી ૧૭૪ માં નોંધાયેલ.

૭.૪. વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી છે કે અરજદારો દ્વારા મહત્વની હકીકતો છુપાવવાના આધાર પર અરજીઓ નામંજૂર કરવામાં આવે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે અરજદારો એક પરિવારના સભ્યો છે અને તેઓ એક જૂથનું પ્રતિનિધિત્વ કરે છે. અરજદારોએ ચોક્કસ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કંપનીઓ બનાવી છે અને આવી કંપનીઓ ક્લોઝલી હેલ્ડ કંપનીઓ છે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે અરજદાર નં. ૧ આશિતા નિલેશ પટેલ શ્રી નિલેશ પટેલના પત્ની છે અને તેઓ શ્રી શંકરલાલ ગુરુની પુત્રી છે. સદર શ્રી શંકરલાલ ગુરુ વર્ષોથી એન.એસ.ઇ.એલ. ના ચેરમેન હતા. શ્રી નિલેશ પટેલ એન.કે. ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન છે. એવો આક્ષેપ છે કે અરજદારોના પરિવારના તમામ સભ્યો અને તેમની જૂથ કંપનીઓએ શ્રી નિલેશ પટેલ અને શ્રી નિમેષ પટેલ મારફતે થાપણદારોની આશરે રૂ. ૯૩૭ કરોડની રકમની ઉચાપત કરવા માટે એન.એસ.ઇ.એલ. ના પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે. આમ, અરજદારોએ

અરજીઓમાં ઉપરોક્ત મહત્વના પાસાઓ જાહેર કર્યા નથી અને તેથી માત્ર આ જ આધાર પર અરજીઓ નામંજૂર કરવામાં આવે.

૭.૫. ગુણદોષના આધારે, વિદ્વાન વકીલ શ્રી જાની એવી રજૂઆત કરશે કે એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ, રાજ્ય સરકારને એવી મિલકતો જપ્ત કરવાની સત્તા છે જે જપ્ત કરવામાં આવેલી હોય જેથી ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ ની થાપણદારો પ્રત્યેની જવાબદારી પૂરી કરી શકાય. એવું રજૂ કરવામાં આવ્યું છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ ની માન્યતાને પડકારવામાં આવી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે કે.કે. ભાસ્કરણ વિ. સ્ટેટ રિપ્રેઝન્ટેડ બાય ઇટ્સ સેક્રેટરી, તમિલનાડુ અને અન્ય ના કેસમાં, (૨૦૧૧) ૩ એસ.સી.સી. ૭૯૩ માં નોંધાયેલ, એમ.પી.આઇ.ડી. એક્ટ ની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું.

૭.૬. આ તબક્કે, વિદ્વાન વકીલ શ્રી જાનીએ મહારાષ્ટ્ર ગવર્નમેન્ટ રૂલ્સ ઓફ બિઝનેસ ના નિયમ ૧૩ નો સંદર્ભ લીધો જે એવી જોગવાઈ કરે છે કે રાજ્ય સરકારના દરેક હુકમ અથવા દસ્તાવેજ પર સેક્રેટરી, એડિશનલ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ડેપ્યુટી સેક્રેટરી, અન્ડર સેક્રેટરી અથવા આસિસ્ટન્ટ સેક્રેટરી અથવા તે વતી વિશેષરૂપે સત્તા ધરાવતા હોય તેવા અન્ય કોઈ અધિકારીઓ દ્વારા સહી કરવામાં આવશે અને આવી સહી આવા હુકમ અથવા દસ્તાવેજના યોગ્ય પ્રમાણીકરણ તરીકે ગણવામાં આવશે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે સદર રૂલ્સ ઓફ બિઝનેસ ભારતના બંધારણના અનુચ્છેદ ૧૬૬(૨) અને (૩) હેઠળ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઘડવામાં આવ્યા છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે

વાદગ્રસ્ત જાહેરનામાઓ પર સહી કરનાર ડેપ્યુટી સેક્રેટરી આવા જાહેરનામાઓ પર સહી કરવા અને તેને જારી કરવા માટે સત્તા ધરાવતા હતા. તેથી, તેમણે રજૂઆત કરી કે આ પાસા પર અરજદારો માટે ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો ગેરસમજભરી છે.

૭.૭. વિદ્વાન સિનિયર વકીલ શ્રી જાનીએ આગળ રજૂઆત કરી કે જો તે રાજ્યમાં કાર્યવાહીનું કારણ ઉપસ્થિત થયું હોય અથવા જ્યારે તે રાજ્યમાં પૂરતો સંબંધ હોય તો રાજ્ય વિધાનસભા એક્સ્ટ્રા ટેરિટોરિયલ અમલ ધરાવી શકે છે. સદર રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) આર.એમ.ડી. ચામરબાગવાલા ના કેસમાં (ઉપર મુજબ).

(૨) ચારુશિલા દાસી ના કેસમાં (ઉપર મુજબ).

૭.૮. વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી કે એમ.પી.આઇ.ડી. એક્ટ ની જોગવાઈઓ આકર્ષાય છે કારણ કે એન.એસ.ઇ.એલ. એ એમ.પી.આઇ.ડી. એક્ટ ના અર્થમાં ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ છે. અરજદારોની જૂથ કંપનીઓ પણ ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ છે અને તેઓ 'ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ' ની વ્યાખ્યાના માપદંડોની અંદર આવે છે. આ કંપનીઓ 'ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ' ની કસોટી સંતોષે છે. થાપણદારોને નિશ્ચિત વળતરના વચનો અને ખાતરીઓ આપવામાં આવી હતી અને તેથી કેસની હકીકતોમાં એમ.પી.આઇ.ડી. એક્ટ યોગ્ય રીતે લાગુ કરવામાં આવ્યો છે. જ્યારે રાજ્ય સરકારને જાણવા મળ્યું કે અરજદારો અને તેમની જૂથ કંપનીઓ દ્વારા

થાપણદારોની જંગી રકમની ઉચાપત કરવામાં આવી છે, ત્યારે રાજ્ય સરકારે તમામ હકીકતો અને સંજોગોને ધ્યાનમાં લીધા પછી અને રેકોર્ડનો અભ્યાસ કર્યા પછી, એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કર્યો હતો અને તે પણ કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા પછી. એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪ અને ૫ હેઠળ જાહેરનામાઓ/હુકમો પસાર કરતી વખતે સંતોષ નોંધવા માટે પૂરતો રેકોર્ડ ઉપલબ્ધ છે અને તેથી અરજદારો વતી એવી રજૂઆત કરવી યોગ્ય નથી કે વાદગ્રસ્ત જાહેરનામાઓ માઇન્ડ એપ્લાય કર્યા વિના અને કાયદાની કોઈપણ સત્તા વિના પસાર કરવામાં આવ્યા છે. ઉપરોક્ત રજૂઆતોના સમર્થનમાં, વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) બ્રિઝો રિયાલિટી કંપની પ્રા. લિમિટેડ વિ. આદિત્ય બિરલા ફાઇનાન્સ લિ. ના કેસમાં, ૨૦૧૪(૫) બોમ.સી.આર. ૫૭૨ માં નોંધાયેલ.

(૨) ગૌતમ ખૈતાન અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય ના કેસમાં, ૨૦૧૫(ક્રિ.એલ.જે.) ૨૧૧૨ માં નોંધાયેલ.

૭.૯. ઉપરોક્ત રજૂઆતોને ધ્યાનમાં રાખીને, વિદ્વાન વકીલે રજૂઆત કરી કે વાદગ્રસ્ત જાહેરનામાઓને પડકારતી અરજીઓ નામંજૂર થવા પાત્ર છે. આ તબક્કે, તેમણે આગળ રજૂઆત કરી કે વિદ્વાન સિંગલ જજે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સમાં તારીખ ૨૪.૦૨.૨૦૧૫ નો કોમન હુકમ પસાર કરીને ફોરમ કન્વિનિયન્સના કારણસર અરજીઓ નામંજૂર

કરી છે. આથી, વિદ્વાન સિંગલ જજે કોઈ ભૂલ કરી નથી અને તેથી સદર હુકમને પડકારતી અપીલો પણ નામંજૂર કરવામાં આવે.

૮. સામાવાળા નં. ૧૦ માટે ઉપસ્થિત વિદ્વાન સિનિયર વકીલ શ્રી કમલ ત્રિવેદીએ શરૂઆતમાં જ રજૂઆત કરી કે આ કોર્ટ 'ફોરમ કન્વિનિયન્સ' ના સિદ્ધાંત પર આ અરજીઓને ધ્યાને ન લે, કારણ કે અરજદારો અને અન્ય સમાન પરિસ્થિતિ ધરાવતા લોકોના કહેવાથી વિવિધ પાસાઓને પડકારતી ઘણી કાર્યવાહીઓ જેમાં નિયુક્ત કોર્ટ સમક્ષની કાર્યવાહીની માન્યતા અને અન્ય બાબતોની સાથે એમ.પી.આઈ.ડી. એક્ટ લાગુ ન થવાના કારણસર પડકાર, બોમ્બે હાઈકોર્ટ અને મુંબઈ સ્થિત કોર્ટ સમક્ષ પડતર છે. વિદ્વાન વકીલે અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અથવા અરજદારો સામે મુંબઈમાં આવેલી કોર્ટમાં દાખલ કરવામાં આવેલી વિવિધ કાર્યવાહીઓનો સંદર્ભ આપ્યો અને રજૂઆત કરી કે ફોરમ કન્વિનિયન્સના સિદ્ધાંત પર વિચાર કરતી વખતે, જે રોકાણકારોના નાણાં ડૂબી ગયા છે તેમની સુવિધા પણ જોવી જરૂરી છે. હવે, રોકાણકારોએ કોન્ટ્રાક્ટની શરતો મુજબ દેશના વિવિધ ભાગોમાં આવેલા તમામ ૨૫ ડિફોલ્ટરો પાસેથી વસૂલાત કરવાની છે. તેથી, રોકાણકારો માટે દેશના વિવિધ ભાગોમાં વિવિધ કાર્યવાહીઓ દાખલ કરવી અનુકૂળ નથી અને તેથી આ કોર્ટ હાલની અરજીઓને ધ્યાને ન લે અને અરજદારોને બોમ્બે હાઈકોર્ટ અથવા મુંબઈ સ્થિત કોર્ટમાં મોકલવામાં આવે. આ રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) કરતાર સિંઘ વિ. સ્ટેટ ઓફ પંજાબ ના કેસમાં, (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૫૬૯ માં નોંધાયેલ.

(૨) કુસુમ ઇનગોટ્સ એન્ડ એલોય્ઝ લિ. (ઉપર મુજબ) ના કેસમાં.

(૩) મેસર્સ સ્ટર્લિંગ એગ્રો ઇન્ડસ્ટ્રીઝ લિ. (ઉપર મુજબ) ના કેસમાં.

૮.૧. વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદીએ રજૂઆત કરી છે કે સામાવાળા નં. ૯ એન.એસ.ઇ.એલ. મુંબઈમાં આવેલી છે. ટી+૨ અને ટી+૨૫ કોન્ટ્રાક્ટ મુંબઈમાં રોકાણકારો/બ્રોકરો અને એન.એસ.ઇ.એલ. વચ્ચે તેમજ એન.એસ.ઇ.એલ. અને એન.કે.પી.એલ. જેવા સભ્યો વચ્ચે અમલમાં મૂકવામાં આવ્યા હતા. રોકાણકારોએ તેમના નાણાં મુંબઈમાં એન.એસ.ઇ.એલ. ના ખાતામાં જમા કરાવ્યા હતા, જ્યાં મુંબઈમાં ડિફોલ્ટરોના ખાતામાં નાણાં જમા થયા હતા. ભોગ બનનાર દ્વારા મુંબઈમાં ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને તેથી સદર એફ.આઇ.આર. ની તપાસ મુંબઈ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. તેવી જ રીતે, આવી બાબતોની તપાસ કરવા માટે નિયુક્ત કોર્ટ મુંબઈમાં છે. સંબંધિત સત્તાધિકારી દ્વારા જારી કરાયેલ જપ્તીનો હુકમ મુંબઈમાં આવેલો છે. રેકોર્ડ પર રજૂ કરાયેલા દસ્તાવેજોનો સંદર્ભ આપ્યા પછી, વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદી દ્વારા એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે એન.એસ.ઇ.એલ. ના બાય-લોઝ પક્ષકારો વચ્ચે ઊભા થતા કોઈપણ પ્રશ્નના સંદર્ભમાં મુંબઈની કોર્ટની હકૂમતને સીમિત અને વિશિષ્ટ રીતે મર્યાદિત કરે છે. આ તબક્કે, આગળ એવી રજૂઆત કરવામાં આવી છે કે દેશના વિવિધ ભાગોમાં આવેલા તમામ ડિફોલ્ટરો મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ સમક્ષ છે અને સમાન બાબતોના સંદર્ભમાં બોમ્બે હાઇકોર્ટ

સમક્ષ બહુવિધ કાર્યવાહીઓ પડતર છે અને છેલ્લે એવું રજૂ કરવામાં આવ્યું છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ હેઠળની કાર્યવાહીઓ પણ મુંબઈ ખાતેની નિયુક્ત કોર્ટ સમક્ષ પડતર છે.

૮.૨. વિદ્વાન વકીલે ત્યારબાદ રજૂઆત કરી કે અરજદારો પાસે એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૬ અને ૭ હેઠળ અસરકારક વૈકલ્પિક ઉપાય છે. વિદ્વાન વકીલે કલમ ૬ માં સમાવિષ્ટ જોગવાઈઓનો સંદર્ભ લીધો જે નિયુક્ત કોર્ટની તરફેણમાં વિશિષ્ટ હકૂમત પ્રદાન કરે છે. ત્યારબાદ, તેમણે એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૧૧ નો સંદર્ભ આપ્યો જે નિયુક્ત કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમ સામે બોમ્બે હાઇકોર્ટ સમક્ષ અપીલની જોગવાઈ કરે છે. આ તબક્કે, એ નિર્દેશ કરવામાં આવે છે કે હાલમાં જપ્તી પ્રતીકાત્મક પ્રકૃતિની છે અને હજુ સંપૂર્ણ થવાની બાકી છે અને ડિફોલ્ટરો મિલકતોનો ભોગવટો કરી રહ્યા છે. ઉપરોક્ત રજૂઆતને ધ્યાનમાં રાખીને, એવી દલીલ કરવામાં આવી છે કે આ કોર્ટ હાલની અરજીઓને ધ્યાને ન લે.

૮.૩. ગુણદોષના આધારે, વિદ્વાન વકીલે રજૂઆત કરી કે કે.કે. ભાસ્કરણ (ઉપર મુજબ) ના કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અવલોકનો સાથે વંચાણમાં લેતા એમ.પી.આઇ.ડી. એક્ટ લાગુ કરવાના ઉદ્દેશ્ય અને કારણોના સ્ટેટમેન્ટ પરથી, એ સ્પષ્ટ થાય છે કે એમ.પી.આઇ.ડી. એક્ટ નિર્દોષ થાપણદારોના હિતોનું રક્ષણ કરવા માટે ઘડવામાં આવ્યો છે અને જોકે સદર અધિનિયમ એક રાજ્ય વિધાનસભાનો કાયદો છે, તે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ની બહાર આવેલી છેતરપિંડી આચરનાર સંસ્થાની મિલકતો જપ્ત કરવાની

કાર્યવાહીના સંદર્ભમાં પ્રાદેશિક સંબંધ ધરાવે છે. આમ, એવું રજૂ કરવામાં આવ્યું છે કે તપાસ એજન્સી પાસે તપાસ દરમિયાન સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ની બહાર મિલકત જપ્ત કરવાની પ્રાદેશિક હકૂમત છે. સદર રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) જીવીકે ઇન્ડસ્ટ્રીઝ લિ. અને અન્ય વિ. ઇન્કમ ટેક્સ ઓફિસર અને અન્ય ના કેસમાં, (૨૦૧૧) ૪ એસ.સી.સી. ૩૬ માં નોંધાયેલ.

(૨) સતવિન્દર કૌર વિ. સ્ટેટ (ગવર્નમેન્ટ ઓફ એન.સી.ટી. ઓફ દિલ્હી) અને અન્ય ના કેસમાં, એ.આઇ.આર. ૧૯૯૯ એસ.સી. ૩૫૯૬ માં નોંધાયેલ.

(૩) મેટકોર એલોય્ઝ (ઉપર મુજબ) ના કેસમાં નામદાર આંધ્ર પ્રદેશ હાઇકોર્ટનો તારીખ ૨૪.૦૧.૨૦૧૪ નો ચુકાદો.

૮.૪. વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદીએ આગળ રજૂઆત કરી કે ૩૧.૦૭.૨૦૧૩ થી ૧૨.૦૩.૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન, જે તારીખોએ વાદગ્રસ્ત જાહેરનામાઓ બહાર પાડવામાં આવ્યા છે, વિવિધ ઘટનાઓ બની છે. વિદ્વાન વકીલે સદર સમયગાળા દરમિયાન બનેલી મહત્વપૂર્ણ ઘટનાઓનો સંદર્ભ લીધો અને ત્યારબાદ રજૂઆત કરી કે વાદગ્રસ્ત જાહેરનામાઓ બહાર પાડનાર સામાવાળા સત્તાધિકારીએ યોગ્ય પ્રક્રિયા અનુસરી છે અને વાદગ્રસ્ત જાહેરનામાઓ સાથે ઇકોનોમિક ઓફેન્સ વિંગ, મુંબઈ દ્વારા જારી કરાયેલ તારીખ ૦૯.૧૧.૨૦૧૩ ની નોટિસ વાંચતી વખતે, એવું કહી શકાય કે લેખિતમાં કારણો

નોંધવાની જરૂરિયાત અંગે પૂરતું પાલન કરવામાં આવ્યું છે. સદર રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે નીચેના ચુકાદાઓ પર આધાર રાખ્યો છે:

(૧) કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, યુ.પી. (ઉપર મુજબ) ના કેસમાં.

(૨) આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ વિ. રાજેશ ઝવેરી સ્ટોક બ્રોકર્સ પ્રાઈવેટ લિ. ના કેસમાં, (૨૦૦૮) ૧૪ એસ.સી.સી. ૨૦૮ માં નોંધાયેલ.

(૩) બિસ્વનાથ ભટ્ટાચાર્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય ના કેસમાં, (૨૦૧૪) ૪ એસ.સી.સી. ૩૯૨ માં નોંધાયેલ.

૮.૫. વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદીએ ત્યારબાદ રજૂઆત કરી કે ટી+૨ અને ટી+૨૫ ના પેયર્ડ ટ્રાન્ઝેક્શન્સ/કોન્ટ્રાક્ટ્સમાં પ્રવેશ કરવો એ બીજું કંઈ નહીં પણ એક યોજના અથવા વ્યવસ્થા હતી જે એન.એસ.ઇ.એલ. પર કાર્યરત હતી અને એન.કે.પી.એલ. અને તેની સંબંધિત સંકળાયેલી પાર્ટીઓ એન.એસ.ઇ.એલ. પાસેથી સદર યોજના અથવા વ્યવસ્થા હેઠળ નાણાં મેળવી રહી હતી અને તેથી તેઓ એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૨(ડી) ના અર્થમાં ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ છે. એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે જોકે સદર ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ્સ વાસ્તવમાં કોમોડિટીઝના વેચાણ અને ખરીદીના વ્યવહાર કરતા ન હતા, પરંતુ કોમોડિટીઝના ટ્રેડિંગના બહાના હેઠળ, તેઓએ રોકાણકારોની થાપણોની ચૂકવણી કરવામાં છેતરપિંડીપૂર્વક કસૂર કરી હતી. એન.કે.પી.એલ. અને તેના જૂથે કબૂલાત કરી છે કે એન.એસ.ઇ.એલ. પરના

વ્યવહારો માત્ર નાણાકીય વ્યવહારો હતા અને ખરીદ–વેચાણના નહોતા, જે માટે એક રોકાણકારને પત્ર જારી કરીને સ્વીકાર્યું હતું જેની સાથે આવો મની–ટ્રેડ થયો હતો.

૮.૬. આ તબક્કે, વિદ્વાન વકીલે એમ.પી.આઇ.ડી. એક્ટ ની કલમ ૪(૧)(ii) માં સમાવિષ્ટ જોગવાઈઓનો સંદર્ભ લીધો છે અને "સદર ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટના સભ્ય......................ની આવી અન્ય મિલકતો" શબ્દો પર ભાર મૂક્યો છે. સદરનો સંદર્ભ આપ્યા પછી, એવો આક્ષેપ કરવામાં આવે છે કે સદર જોગવાઈ વ્યાપક કાર્યક્ષેત્ર પૂરી પાડે છે જેથી કંપનીના શેરહોલ્ડરની અન્ય મિલકતોને પણ જપ્તી માટે ધ્યાનમાં લઈ શકાય, ભલે તે રોકાણકારો પાસેથી એકત્રિત કરેલા નાણાંમાંથી ખરીદવામાં ન આવી હોય, જેથી સામાવાળા નં. ૧૦ જેવા રોકાણકારોને થાપણોની ચૂકવણી સરળ બની શકે. એવું રજૂ કરવામાં આવ્યું છે કે શ્રી નિલેશ પટેલે અંગત ઉપયોગ માટે ભંડોળ ડાયવર્ટ કરવાની અને એન.કે. ઈન્ડસ્ટ્રીઝ લિ. જેવી સિસ્ટર કન્સર્ન્સ મારફતે મિલકતો મેળવવાની કબૂલાત પણ કરી છે.

૮.૭. છેલ્લે વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદીએ રજૂઆત કરી કે વાદગ્રસ્ત જાહેરનામાઓ માત્ર અયોગ્ય રીતે શબ્દબદ્ધ હોવાના આધાર પર અમાન્ય ઠેરવી શકાય નહીં. એવું જણાવવામાં આવ્યું છે કે જે જોવાનું છે તે સાર છે, ફોર્મ નહીં. સદર જાહેરનામાઓમાં 'ફાઇનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ' શબ્દનો ઉલ્લેખ કરીને, સત્તાધિકારીના મનમાં એન.કે.પી.એલ. હતું કારણ કે અન્યથા, તેની મિલકતો જપ્ત કરી શકાઈ ન હોત. ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન વકીલે

એચ.એસ. વનકાણી અને અન્ય વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય, (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૩૦૧ માં નોંધાયેલ કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પર આધાર રાખ્યો છે.

૮.૮. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, વિદ્વાન વકીલ શ્રી ત્રિવેદીએ રજૂઆત કરી કે હાલની અરજીઓમાં કોઈ મેરિટ નથી અને તેથી તે નામંજૂર કરવામાં આવે અને સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૪૬૮૯/૨૦૧૪ અને સંબંધિત મેટર્સમાં વિદ્વાન સિંગલ જજ દ્વારા પસાર કરવામાં આવેલા તારીખ ૨૪.૦૨.૨૦૧૫ ના હુકમમાં કોઈ દખલગીરી ન કરવામાં આવે અને તેથી સદર હુકમ સામે દાખલ કરવામાં આવેલી અપીલો પણ નામંજૂર કરવામાં આવે.

